# જગતસિંહ

## નાટકનાં ગાયનો.

વાંકાનેર " આર્યહિત વર્ધક "

નાટક કંપનીને માટે

રચીને પ્રસિધ્ધ કરનાર


રાવલ ત્રંબકલાલ દેવશંકર

વાંકાનેર આ૦ હિ૦ વ૦ ના૦ કંપનીના માલીક.



આવૃત્તિ નવમી પ્રત ત્રણ હજાર.



ગ્રંથ સ્વામિત્વના સર્વ હક કર્તાએ સ્વાધીન રાખ્યા છે.



સુરત

" શ્રી મહેશ મુદ્રાલય " નં૦ ૨૩૫ હવાડીયા ચકલા રોડ, ગોપીપરામાં ડૉ૦ એમ૦ એમ૦ ગાયજીએ છાપી.

સંવત ૧૯૬૪ સને ૧૯૦૮

કીંમત રૂ૦ ૦-૨-૦

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગુજરાતી કોપીરાઈટ-સંગ્રહ
૨૧૫૮

સને ૧૮૬૭ ના ૨૫ મા આક્ટ મુજબ રજીષ્ટર કરાવી છે ને
તેના છપાવનારે સર્વ હક પોતાને સ્વાધીન રાખ્યા છે
માટે કર્તાની રજા શિવાય કોઈએ છાપવું, છપાવવું,
વેચવું, વેચાવવું કે ભજવવું, ભજાવવું નહીં.

# गूजरात विद्यापीठ ग्रंथालय

[ गुजराती कॉपीराअिट विभाग ]

अनुक्रमांक ૨૧૫૮ वर्गांक

पुस्तकनुं नाम જગતસિંહ આરતમાં ગાયનો

विषय ૮ : ૨-૧

# પાત્રોના નામ.

૨૧૫૮

જગતસિંહ ... ... ... અંબરના મહારાજા માનસિંહનો કુમાર.
તિલોત્તમા ... ... ... ગઢમંદારણ પતિ વિરેંદ્રસિંહની—પુત્રી.
વિમળા ... ... ... ... વિરેંદ્રસિંહની દાસીરૂપે રહેલી રાણી.
માનસિંહ ... .. .. ... ... ... અંબરના મહારાજા.
રસીક ... ... ... ... ... ... એક બ્રાહ્મણ મશ્કરો.
આસમાની ... . ... ... .. વિરેંદ્રસિંહની મુખ્ય દાસી.
વિરેંદ્રસિંહ ... ... ... . . ... ગઢમંદારણનો અધિપતિ.
સુરેંદ્ર .. ... . .. . . . ... ... તેનો હજુરી.
યશવંત. }
સુજન ... } .. . ... ... ... જગતસિંહના મંત્રી.
કતલુલખાન ... ... .. ... .. ... ઓઢીયાનો નવાબ.
ઉસમાનખાન ... ... .. ... ... નવાબનો સેનાપતી.
અમીના... ... ... ... ... .. ... નવાબની શાહજાદી.
હકીમ ... ... ... ... ... .. .. ... નવાબનો વૈદ્ય
હુરમ...... ... ... ... ... ... ... ... નવાબની રાણી.
રંગીલ .. ... ... ... ... ... ... ... રસીકનો પુત્ર
રંગીલી... ... ... ... ... ... ... ... સુરેંદ્રની પુત્રી.
અભીરામ ... ... ... ... ... ... ... વિરેંદ્રસિંહના ગુરૂ.

લશ્કર, દરબારીઓ. વારાંગનાઓ, વિગેરે.

# જગતસિંહ નાટકનો ટુંક સાર.

## અંક ૧ લો.

પ્રવેશ ૧ લો—નદીની બે બાળાઓ સહવર્તમાન ઇશ્વરસ્તુતી.

„ ૨ શૈલેશ્વરનું મંદીર—મદમંદારણ પતી વિરેંદ્રસિંહની પુત્રી તિલોત્તમા તથા વિમળા સખીઓ સાથે રાત્રની અમતમાં વર્ષાદની શુરૂઆત. તેટલામાં શીકારી ડ્રેશે જગતસિંહનું પ્રસીદ્ધ થવું તિલોત્તમા તથા જગતસિંહના પ્યારની શરૂઆત.

„ ૩—જગતસિંહનું પોતાના મીત્રો સાથે હાલના ક્ષત્રીઓ વીશે વીવેચન. ત્યાં રસીકનું આવવું ને હાસ્યરસની હાજરી.

„ ૪—અંબરના મહારાજા માનસિંહની ઓઢીયા ઉપર લડાઇની ચડાઇ.

„ ૫—રસીક આસમાનીનો પરસ્પર પ્રેમ વિનોદ અને સુરેંદ્ર ઉપર રસીકનું ગુસ્સે થવું.

„ ૬—તિલોત્તમાનો બાગ. તિલોત્તમાની જગતસિંહ ઉપર આતુરતા. સખીઓનો સંવાદ. પાછળથી વિરેંદ્રસિંહ અને સુરેંદ્રનું આવવું.

,, ૭—**અભીરામ** ગુરૂની પુત્રી વિમળાનો તિલોત્તમાના લગ્ન બાબતનો વિચાર ત્યાં ગુરૂ અભીરામ અને વિરેંદ્રનું આવવું અને તિલોત્તમાની મમતા જગતસિંહના ઉપર છે તે વાત જાહેર થતાં વિરેંદ્રનું ગુસ્સે થઇ તિલોત્તમા પાસે જવું

,, ૮—**મહેલ. તિલોત્તમાની** જગતસિંહ ઉપરની પ્રીતી. અભીરોની ગમત ત્યાર બાદ ગુરૂ અભીરામ સ્વામી વિરેંદ્ર અને વિમળાનું આવવું તિલોત્તમાની દ્રઢવૃતિથી અને બહુધા મતથી તિલોત્તમાના લગ્ન જગતસિંહ સાથે કરવાની ભલામણ.

,, ૯—રસીક તથા આસ્માનીના હાથથી સુરેંદ્રની થતી કમબખ્તીનો આબેહુબ ચીતાર.

,, ૧૦—**ઓઢીયાનો કીલ્લો** કબજે કરવા માટે ત્યાંના નવાબ કતલુખાન અને જગતસિંહની ભયંકર લડાઇ. તોપના મારથી કીલ્લો તોડવો અને ઉસ્માન તથા નવાબનું પકડાઇ જવું.

## અંક બીજો.

પ્રવેશ ૧ લો—રસીકનું ઘર-બહુક મિત્રના વેદ વાક્યથી રસીક આસ્માનીના લગ્નની ગમ્મત.

,, **૨—ઝીલ્લો**—ગડમંદારણના કીલ્લાનો પઠાણોના હાથથી થતો કબજો અને દગાથી વિરેંદ્રનું પકડાઈ જવું.

,, **૩—સુરેંદ્રની** પુત્રી રંગીલી ને રસીકનો પત્ર રંગીલા તે બંને-ની પ્રીતીની શરૂઆત.

,, **૪—વીરેંદ્રસિંહની પુત્રી** તિલોત્તમા અને જગતસિંહની પરસ્પર પ્રીતી. બાદ વિમળાનું આવવું અને પઠાણોના હાથથી જગતસિંહનું કેદ થવું.

,, **૫—માનસીંહ** પોતાના સરદારો સાથે વિચાર કરે છે તે-વામાં રસીક આવી જગતસિંહના કેદ થયાના ખબર આ-પે છે. બાદ સેવક ધર્મ બજાવવા જગતસિંહને છોડાવ-વા રસીકનું જવું.

,, **૬—કતલુલખાનનો દરબાર**—તેમાં ઉસમાનને શીરપાવ અને વિરેંદ્રને કતલ કરવાનો હુકમ.

,, **૭—વિમળા અને તિલોત્તમાનો** વિલાપ. નીચ સુરેંદ્રની દુષ્ટતા. પાછળથી ઉસમાનનું આગમાનું અને નીચોથી મળતી ધીરજ.

,, **૮—નવાબ કતલુલખાનની** શાહજાદી અમીના તરફથી ઉસમાનને જગતસિંહની દવા કરવાની ભલામણ.

,, **૯—જગતસિંહની** માંદગી-ત્યાં અમીના તથા ઉસમાનનું આવવું. બાદ ઉસમાનખાન પ્રત્યે અમીનાના પ્યારની શરૂઆત.

,, **૧૦—કામાંધ સુરેંદ્રની** આસમાની પ્રત્યે દુષ્ટ વાંછના અને પાછળથી ગુરૂ અભીરામ તથા વિમળાને રસીક વગેરે નો વિરેંદ્રને મળવા નિશ્ચય.

" **૧૧—જગતસિંહનું વિચાર ભવન** ત્યાં નિમકહરામ સુરેંદ્ર ની લુચ્ચાઇ. રશીકનું મળવું ત્યાર બાદ ઉસમાનનું આવવું. કેટલીક વાતચીત કરતાં ગુસ્સે થઇ જગતસિંહને જેલખાનામાં લઇ જવા હુકમ.

" **૧૨—નવાબના** હુકમથી વિરેંદ્રનો વધ અને વિમળાનો વિલાપ.

---

## અંક ત્રીજો.

**પ્રવેશ ૧ લો—જેલખાનામાં** તિલોત્તમા અને અમીનાનો જગતસિંહ સાથે મેલાપ. નિચ સુરેંદ્રના ભંભેર્યાથી પતીત્ર તિલોત્તમાનો તિરસ્કાર. ત્યાર બાદ અમીના પ્રત્યે ઉસ્માનખાનના ખોટા વ્હેમ.

" **૨—સુરેંદ્રને** ફસાવવા માટેની રસીક તથા રંગીલાની યુક્તિ. પાછળથી રંગીલા રંગીલીના જાહેર લગ્ન.

" **૩—વિમળાના હાથથી** કતલુખાનનો પ્રાણવધ અને હુરમ તથા અમીનાનો અફસોસ.

" **૪—વિમળાની હકીકતથી** ગુરૂ અભિરામ તથા તિલોત્તમા વિગેરેનું આશ્રમમાં જવું.

" **૫—ઉસ્માનખાનના** પ્યારની ખાતર અમીનાની ફકીરી.

" **૬—રંગીલા રંગીલીનો** પ્રેમ વિનોદ.

„ ૭—જોગી વેષે તિલોત્તમા જગતસિંહનો મેળાપ. પતી પત્નીના પ્રેમની પરીક્ષા.

„ ૮—રસીક આસમાનીની નીતીમય વર્તણુંક અને પરસ્પર આનંદ.

„ ૯—મહાન બાદશાહ—અકબરનો દરબાર. જગતસિંહને બાદશાહ તરફથી મળતો શીરપાવ. તિલોત્તમાને મળતી જાગીર. રસીક રાયનો સત્કાર. જગતસિંહના લગ્નની મુબારકબાદી આપતાં ગાયન સાથે આ નાટકનું સમાપ્ત થયું.



# ભગતસિંહ નાટકના ગાયનો.

## અંક ૧ લો.

---

### ઈશ્વર સ્તુતિ

નટી— (૧)

વિભુ ભક્ત પાલ દયા નિધી છો જગત્રાતા
શાતા દાતા જ્ઞાતા માતા ગુણીજન ધ્યાતા—
અગમ્ય ગ્રાહક છો અવિનાશી
ભવાબ્ધી તારક વિપત્ત વિનાશી
મોક્ષ પ્રદાતવ ભૈવ્ય કળાસી
જામી વિશ્વવિશે સુખરાશી
એવા હે નામી સ્વામી આવો આવો ધાઓ
ધાઓ સેવકની સહાયે પિતુ માતા અવિધાના

બાળાઓ— (૨)

રમતી સખીઓની સંગાત યુવતિ જાય મલકાતી

મદન વિકારે વ્હાલી રસમાં રંગાતી
જાતી સ્વામીના ગુણુ પ્રેમે ગાતી-
ચટકતી ચાલે હાલે લલના શરમાતી
વાહ વાહ મંગલમય માનુની જણાતી.

## વિમળા તથા તિલોત્તમા સાહેલીઓ (૩)

ચાલો બેનો ચાલો આજે શૈલેશ્વર જાએ
શૈલેશ્વર જાઇએ શંભુ શરણુમાં થઇએ-
પતિત પાવન એ છે જંગલ નીવાસી
ટાળે ઉદાસી આપે સ્વામી સુખ રાસી-
હાહા ત્યારે ચાલો વાહવાવા બ્હેનો મ્હાલો હું હૈં મ્હારો બ્હાલો.
હવે ત્વરાથી ઉપર ચડીએ
અર્ચી ચંદન વંદન કરીએ
પ્રેમે મસ્તક પાય ધરીએ
વાહ, વાહ, વાહ, વાહ, વાહ, વાહ, (૨)

## તિલોત્તમા તથા સખીઓ—(૪)

ઝીણા ઝરમર વરસે મેહ ભીંજે મારી ચુંદડી

એવા નંદ કુવર શું નેહ બીજે મારી મુંદડલી
એવા નગણા સાથે નેહ
ઉંચા અવાસ એ અલબેલાના નીચે અમારી મેડી રે
સુતી હતી હું મારા ભુવનમાં સાન કરી મુને તેડી-
ડગ ડગ દાદુર મગમગ મોરલા ચાતક થયા નમેરીરે
વીજળીના વેગના ભયને ત્યાગી આવી ઉભી આ શેરી—બાં.

જગતસિંહ— (૫)

થાય ગરડ ગરડ નભમાંય થાય,
ચડી કારમી ઘોર ધન ઘટા કાળશી વિષમ જણાય—થા
ઉંચા ગિરિવર કોતર અંદર
પશુના અંતક શબ્દ સુણાય
મહા ભયાનક વૃક્ષ તણો ઠઠ
નીરખી ભયથી ધીર છુટી જાય—થાય૦

જગતસિંહ— (૬)

શી પ્રેમી શી પ્રેમી શી પ્રેમી શી પ્રેમી;
શાણી સલુણી દાખી પ્રીતિ રીતિ એ બોલી શી બોલો.

એ ચાલી મધુરી મનહર શી મુખ કાન્તી;
નખ શીખ શી સોહાતિ નવ યોવન મદ માતિ,
મુખ મંદ મંદ મલકાતી મૃગ નેણી મૃદુ વેણી.
નવીન રસિક યુવની ખીલતી પદમણી તણી;
ઘણી મનહરણી ચોટી નવેલી છટા છબી ચિત્તમાં,
રમણી નમણી સુખદા તરૂણી ગઈ હા એ તો
ગઈ ચાલી ગઈ અહાહાહાહા.

યશવંત તથા સુજન— ( ૭ )

શુરવીર ધીર રણ રંગ રાખી કરે જંગ દંગ કરતા
ધરી શસ્ત્ર અરિ વીર દૂર કરી રહે દિન દુઃખ હરતા.
રહે મમ સદા શુભ કામ કરી હરી નામ હૃદય ભરતા.
ખરી ક્ષત્રી વટની ટેક રાખી વિજઈ થઇને ફરતા.
હવે નહીં દેખું ક્યાંય એવા ક્ષત્રી મહી માયે
મન બહુ ગભરાય જગપતિ કર સહાય
પ્રભુ પૂરી આશ કર, પ્રગટ ક્ષત્રી પૂર ક્ષત્રી વટ ધરતા.

રસિક— ( ૮ )

હું છું રંગીલો જુવાન ફક્કડ અક્કડ ચાલું આમ,

ભણ્યો છું વિદ્યાઓ તમામ રસીકલાલ મારૂં નામ.
બંદાના રૂપ આગળ માનો કામદેવ પણ તુચ્છ.
કંઇક કામની પ્રિદા થાય છે જોઇને મારી મુચ્છ.
એક્કો છું વિદ્યામાં તેથી પંડીતમાં પંકાઉં.
ફુરાગ પૂરો ગાવા માંહી રાગ રાગણી ગાંઉ—છું૦

**કંચનીઓ—** (૯)

જારે જારે એ રંગીલા હઠીલા જારે કુડા કાનુડા—જારે૦
હરખાવે મુંઝાવે સતાવે શાને,
વેણુંનો નાદ સુંદર સાદ, આવે છે યાદ વાણી વિવાદ,
રેન તું જગાવે, ભાન તું ભુલાવે, દેહ તું ડુલાવે
દે લી ઓ પી જાણુ—જારે જારે૦

**માનસિંહ, દરબારી—** ( ૧૦ )

પ્યારારે ગુણ જોઇ તારા હરખી છી—
આજે થયો સફળ જનમ શુરવિર ધીર ગુણ
જોઇ તારા હરખી છી.

**જગતસિંહ—**યુદ્ધમાં હજારોનો કરૂં જઇ સંહાર
હાર હાર મારૂં રિપુ હાર ભરી ફાળ

**દરબારી**—શાબાશ શાબાશ તને એમ ઘટે સિંહબાળ—

(૧૧)

**રસિક**— વાહ રાસલાની પ્યારી તું.

**આસમાની**—હાંહાં રે રસીલાની રામા હું છું પૂર્ણ પ્રેમથી

**રસિક**— ભોળાને ભમાવી કીધો છેક દૂર શું !

રંગમાં રમાડી ખરા સ્નેહથી જમાડી

બની ઠીક તું અનાડી, રસિલાનું જોવા પાણી

**આસમાની**—(એમ ન હોય મારા રસિક લટકાળા)

**રસિક**— (ત્યારે કેમ હોય મારાં આસમાની ચટકાળાં)

**આસમાની**—સંગે રાખી નીશદિન અરપીશ તન મન

**રસિક**— નાચું. હું તો થનગન

**આસમાની**—આવો ફક્કડ મુકી જક્કડ

**રસિક** —ચાલું અક્કડ વાહ પ્યારી સુખકારી

દીલમાંહી વસનારી તું—રસી—

**તિલોત્તમા**— (૧૨)

ઘેલી બની બાળારે વિરહની જ્વાળ લાગેરે

પ્રભુપતિ આપો અરે ( ૨ )

મૃગલી વિખુટી સ્વામીને શોધે
મુંઝાય મંદ હૃદય જાગેરે (હા)—મુંઝાય૦
રઘુવર સીતા મુખ રટે જેમ
રસના...એ હું રટું રાગેરે —વિરહ૦

તિલોત્તમા (૧૩)

ચાલો ચાલોરે સખીયો સહુ સાથ
પરમ પવિત્ર પુજય પિતાજી પધારે—
સખીઓ—ઉમંગ ભરીની અંગ રંગ કરીને—
ચાલીએ સહુએ પ્રેમ ધરીને
લટકા, મટકા, ચટકા, વારંવાર (૨)
રંગીલી, રસિલી છબીલી તું નાર,
તિલોત્તમા—વ્હાલી ન સતાવો ન મુંઝાવો વેગે ચાલો—ચા૦

વિરેંદ્રસિંહ— (૧૪)

ધરીશ વીરનું હું નામ ધરામાં—
મારીશ કરીશ લોહીપાન લઇ જાન
ઓ નાદાન ન ગુમાન, ધર નફ્ટ નિર્લજ
જોજે હવે વેરમાં સાર અરે ઓ ગમાર—ધ૦
માન મુરખ અપમાન કરી મારૂં

નાહક થઇશ રણુ મુજ કર સંહાર—અરે આ ગમાર.

અભિરામ— (૧૫)

મદ મનમાં ધારમાં, જળમહી પથરા તારમાં
પાણીપર કદી નહીં ભીંત ચણાય નેરણીથી કદી નહીં વાળ પડાય.
એમ તુંથી " માનસિંહ " ન હણાય—મદ મનમાં૦
મદાન્ધ રાવણ મારીયો, હણીયો હરણાકંસ,
ગોવિંદને ગમતો નથી, મનમાં મદનો અંશ—જળમહી૦
માફન સુત લુંબા કર્યાં, માર્યો મામો કંસ,
અહંકાર નથી સાંખતા, હરિ વિવકી હંસ—જળમહીં.

અભિરામ— ( ૧૬ )

ધરી ઉરે શાન્તી, શાણા ક્રોધી રાજા વિચારે ન કાં
નાહક શાને તારી બાળે છાતિ વિચારે ન કાં.
ક્રોધી જન આ જગતમાં જરા લહે નહીં સુખ
ભીર બાળે તે આપનું. દિયે અન્યને દુઃખ—ધરી૦

તિલોત્તમા તથા.
સાહેલીઓ— (૧૭)

વન ઉપવન કુસુમિત કરી કલિતરે
લલિત લતાઓ લહેકાવી વસંતે આવું ચિત્તરે.

કળકરે કપોત કોક કોકિલ કુંજમાં
મધુ કરો મન મકરંદ પર પ્રીતરે—
હારા રંગ દંત પરે દેને ધારી ઉમંગ અંગે
સ્વાનોની સંગ સોહે તેનતાં જરૂર મોટા મુનીનાં મન મોહે-
લાલ વપુલસે ગુલાલે ભર્યાં કર્યાં કેશરિયાં કમનીય વ્હાલે ધર્યાં
સુખ સંયોગી મનથી માનેરે, પણ વિયોગી મનથી રોગી—
વાજી સમીર સરરર ( ૨ ) છુટે ફુવારા છરરર—
વન વેલી થઇ ઘેલી વળગી વૃક્ષ અલબેલી—
અજ્ઞાત યાદના જ્ઞાત કરવાને પ્રેરતા પતિઓ પ્યારથી
જગ ઉત્યું જાહેર જોર કરીને પામ્યા સોહાર માર મારથી.

વિરેંદ્ર— ( ૧૮ )

જા જા જા દૂરસુખ છોકરી કુલ ગર્વ છોડી
તિલોત્તમા—હાથ જોડી જોડી વિનવું —જા જા. જા૦
વિરેંદ્ર—બુધ્ધિ તારી કયાં સંતાઇ બુદ્ધિબાળા રહી ન કાંઇ
વિમળા—વૈર અરીનું સહુ છોડો કુળ ગર્વની રીત ત્રોડો
પુત્રી પરનો પ્યાર જોડો ધર્મ કર્મ સહુ દોડો
વિરેંદ્ર—બુધ્ધિ મુઢ બન ના

**વિમળા**—શાંન્તિ ધરો મનમાં આપું આશિષ-દુર-જા૦

**તિલોત્તમા**— ( ૧૯ )

મુજ પરમ પીતા ચિત્ત ધરજોરે વીનતી મારી
પુત્રી શીરપર કર ધરજોરે વેગે વીચારી—
બાળકડીને બાપ ગરીબડી જ્યાં દોરે ત્યાં જાય
હીત અહીત હેતુ નવ જાણું તો પામર પીડાયરે—મુ૦
જગત વીના નહીં ચ્છિુ જગતમાં જગત છે જીવનધાર
જગત મહીં જન્મી હું વરવા જગતસિંહ ભરથારરે—મુ૦

**આસમાની**-- ( ૨૦ )

નાચો નાચો અંદરજી નાચો—થનગન, ( ૪ )
**સુરેંદ્ર**—હા હા ખુબ નાચું કે વહેલો પરણીને રાચું
**રસીક**—કહે છે નમાડું ડાચું અરે વાહ વાહ ( ૩ )
**આસમાની**—કાચું ન રાખું રસિલાજી એ લે
**સુરેંદ્ર**—હાંહાં રસિલાજી હું તો
**રસીક**—અરે મુખથી ભુલાવીશ બોજો નચાવી ( ૩ )
વાહ વાહ ( ૩ ) હું-સંગડજી—

**આસમાની** ( ૨૧ )

ચાલો રસીલા આનંદ કરીએ નિજ તન મનના દુખો હરીયે

**રસિક**—સુખકારી હદવાળી મૃગનેની નેન ઢાળી

આપે ચુંબન શાંત કરે મન મારૂં, તો અહાહાહાહા.

**આસ૦**—હાહા હું પ્યાર વધારૂં તમપર વારૂં, રદયેશ મારૂં મોતીડે વધાવુ

**રસિક**—બસ બસ પ્યારી એજ ઉચારૂં હેં હા-

**આસ૦**—પ્રિય પ્રાણ તમે આવો ગુણખાન તમે આવો

**રસિક**—દિલજાન આવો આવો, ધુ, ગો ગો ગો.

**આસ૦**—( ચાલો આવો મારા સાંબા નટવર )

**રસીક**—( આઈ વીલ નોટ કમ માઈ ડીયર )

**લશ્કર**— ( ૨૨ )

હર એક કદમ કદમ પંદમ અદમ અલમ યજમ રાખો

સીતમ દાતમ કસમ કરો ઔર દુસ્મનોકા ખુન ચાખો

યારકી રાખો, યારકી રખો. સબકી સંગ સંગ

એકકી રંગરંગ ખુબકી જંગ જંગ ઢંગઢંગઢંગ મચાએ

નદમ નતુમ નકમ ખદમ સાજેર હિંદુકા રાખો.

( ૨૩ )

**રંગીલ**—મારી લાડકડી વેગે વહેલી થારે વેગ વહેલી થા.

**રંગીલી**—તારી અલબેલીની પહેલી વ્હેલી હારે પહેલી વ્હેલી હા

**રંગીલ**—મીઠી વાણી શું સારી મને લાગે બહુ પ્યારી
**રંગીલી**—સદા તારી આ નારી રંગીલીજ નારી
**રંગીલ**—લ્હેર કરીશ ભારી દુઃખ સરવે વિસારી
**રંગીલી**—વ્હાલા તારા પર જાઉં બલીહારી બલીહારી.
**રંગીલ**—હું તો તારા પર જાઉં લટકાળી વારી વારી,
**રંગીલી**—હવે આવો વ્હાલા ઐશ કરો તૈયારી—મા૦

**નિલોત્તમા**— ( ૨૪ )

દુનિયામાં નથી કોઈએ દીઠા પ્રેમ કીનારો
સાગર મહી ડુબતો પ્રેમી કોઈએ ન ઉગાર્યો—
મતલબમાં મુઝાએલો ભ્રમર એમ ભમાયો.
પ્રેમાંધ બની પુષ્પ કમળમાં માંહી બીડાયો— દુ૦
પંખી પ્હેરી પ્રેમવગડે જઈને મુંઝાયો.
ઝાડીમાં અણી વાગ નહીં એમ અથડાયો— દુ૦
સન્મીત્ર મળે ભોમીઓ આવે તવે આરો,
નહીં તો ખવાએલો ફરે એ બળદ બીચારો— દુ૦

**જગતસિંહ**— ( ૨૫ )

ચંચળ ચતુરા ચપળ નયનથી ચિત્ત ચમકાવતીરે
મનહર મધુરી મન મટકીથી નિત નવરાવતીરે—

**તિલોત્તમા૦**—પ્રેમી ડાળે હસ્નીશ ઝુલતી
પ્રેમ પુષ્પની માળા ધરતી
પ્રેમી કેશ પૂર્ણ પ્રસંગે મ્હાલતીરે—ચંચળ૦

**જગત૦**—મદન કટારી તનપર મારી
જખમ કર્યો છાતીમાં કારી
ભ્રમર કમળ રસમાં ભામા, ભરમાવતીરે—ચંચળ૦

**સુજનરાય**
**તથા યસવંત-** (૨૬)

જે વિકટ વખતમાં મિત્ર તણું કરે મદદ સ્નેહ ધારી
તે મિત્ર ખરો સમજાય જાણે જગકીર્તિ બહુ સારી.
વિવેકી વિનય વિચાર સાગર ગુણી જ્ઞાન ધારી.
ધર્મ કર્મ કરી રહે મગ્ન મનમાંહી બહુ ભારી.
મિત્ર જગતમાં જાણવો સુખ દુઃખ સાથી જેહ,
ભીડ વખત આપે મદદ તનમન ધનથી તેહ.
એવોજ જગતમાં ( જગતસિંહ ) એક મિત્ર મળ્યો મારો-

**રસિક**— (૨૭)

પંથ પડું પ્યારથીરે પરગટ કરવા પરમ પ્રિતની રીત ખચિત
આપો આજ્ઞા આપ અનુસરૂં અંગ ઉમંગેરે.

પવન તનય મહાસાગર કુદી પહોંચ્યો પેલે પાર.
સ્વામી કૃપાથી સર્વ સફળ છે એ સમજી નિરધાર—

**કુંવરીઓ—** (૨૮)

સંગીત સુખકર ગાઓ આજે મૃદંગ તાલ નાધી ધીના
તાના દેરેના, દેરેના દીમ દીમ તનન નિ ધ પ મ ગ રે સા રે
ધા ધીમાકટ ધીમીકટ તક ધિન્તા ધા—
ધીકડાં ધા ધા ધા ( ૨ ) સંગીત સુખ૦

**અમીના** (૨૯)

અરે પ્યારે મેરે મુઝેને તોડી કહર પહેચાની—અ૦
મન બહેલાયોં નહીં માને જરા સમજાવો પીયા ન સતાવો
જરા જાન દીલબર—પ્યારે૦
તેરે હીજરમેં ઝુલે બીલાજો, નહીં દીલકો મેરે કરાર હુએ
ન સતા તું બહેરે ખુદા મુઝે, મેરા ગમસે સીના ફીગાર હુએ

**અમીના—** (૩૦)

જહાંમેં પિયારા તું જાના હમારા પિયારા ( ૪ )
જાન જાની હૂંમેં તુજસે મેહરબાની કર અબ મુજસે
દહી રહે તુ કદમપે આશીક મેરા ( તું અબંક )

હમેશા દીખારે ખુદારા નજારા તેહારા (૪)
પલ પલ છીન છીન રૈન દિન બેચેયન રહું તોબેબીના
બહોવ કઠીન અબ હોગા જીના તુજબીના
કે ખુદાને દિલારા તુજના હમારા—

જગતસિંહ— (૩૧)

મદાંધ જા જા જા નઠ્ઠ નવ બકરે
કપટ ચપટ ઝટપટ શઠ કદી થશે
૫ટ નિર્લજ દગો દઇ શું ફાવીયો
સમીપ કમર નહીં આવ્યો ફસી—
વશ કર્યા વિરનર છકેલ તેં અણુ ચિન્ત
નવ લન્છન લહું ન્યાયે ખસી—મ૦—

જગતસિંહ- (૩૨)

દશા આ શી થઇ થઇ ઉંડી આશા ગઇ હાય હાય
પ્રભૂ દશા તું પ્રાણીને શી શી બતાવે નાચ
પલમાં તું નરનાથને મગવે ઘર ઘર ભીખ
બહુ નચાવે તુજ માયા મહીં બહુ રીબાવે દુઃ[illegible] મહીં
હાય પ્યારી થઇ નહારી તિલોત્તમાયે પ્યાર પલટયો
વ્યર્થ આશા હા નિરાશા હાય—

**જગતસિંહ—** (૩૩)

વનિના તું નમણી નાર વિચારી પ્યાર તજીદે દ્વાર
સરિતા ખરી પણ ખારને વરનાર કરે શું ખુવાર

**તિલોત્તમા**—પ્રીતમ આમ વદો શું કામ જપું તમ નામ
હું આઠે જામ રે શ્યામ, ઓ શ્યામ, શ્યામ.

**જગતસિંહ**—કપટી બતાવે પ્યાર તને ધીક્કાર વાર હજાર

**તિલોત્તમા**—પીયુજી હું નિરમળ નાર, કરો વિચાર, થશો લાચાર
હે ઠારનાર અવની મોઝાર
જગત વિણ પ્યાર, નહિ ધરનાર. નાથ તું લેજે સાર

**અમીના—** (૩૪)

ઔર મેરે જાનો માલેકે સરદાર
યાર કરૂં પ્યાર બાર બાર બેસુમાર—
સાર કટે યા તન જલે અબ તુંજ સીવા કુચ્છ ગમ નહી
એ કફન લાસા પડા હય ઔર હમમેં દમ નહીં.
બાજાર બેકરાર લાચારકો તલવાર જલ્દ માર
યા દુસવાર કર બાજાર મય પર રહી તેરી ઇન્તેજાર

ક્યા આપકે છોડનેસે જાન રહે યા નહીં
લેકીન સનમથે જાનીયે કે ઘોર હમસે ખફા નહી—

રંગીલ— (૩૫)

આવો આવો વ્હાલી ભેટડી હસી વ્હેલી પ્રાણુ તું
રંગીલી—જાણ્યો જાણ્યો જાણ્યો પ્રીતડી રીત એવી જાણું.
રંગીલ—ચંદા વ્હાલ અહો તુજ હાથ
રંગીલી—મુજ નાથ રહું સાથ નાં જાવા દઉં.
ભાગી તન મનથી વર પતીને
રંગીલ—મનમથ જેમ ચાહે રતીને તરૂણી તમને તેમ,
રંગીલી—વાહો તેમ નમ રમણું!
રંગીલ—નાના સશીમુખ નીરખ્યા
રંગીલી—ચિતમાં ચકોરી હરખ્યા
રંગીલ—સુખ દે સુધાકર પરખ્યા
રંગીલી—મળી જોડ સરખા સરખા—

કુંઅનીઓ— ( ૩૬ )

કુમારી સુખકારી આવજો ફિરે ફિરે આવે મારા
રે રસિકા રે રંગીલા હો છેલા વ્હેલા પાલ્યો રાજ
પ્રિતડી તમારી શું વિસારી વારી વારી જાઉં
ધ્યાને લાઉં હાથે મારા

દારૂ દિલ્હી આગરે, દારૂ જેસલમેર
એવો પાસે કોઈ રાજવી કે કોના પાય રણધીર
બાટલિઆ ભલાજ મારા સાથેજ વ્હાલા
ભેલા સભેલા લ્યો ચાલી મારા રાજ
પીલ્યો પીલ્યો પીલીગોરિ નક આ નહીં ભગનાર
વિતે આયુષ્ય અલ્પ ઘડીમાં કાળને વશ થાનાર
માણી લીયો મોજ આ જગ ખોજ ઉતારી
મારા રસિલારે રંગીલા હો ઝેલા વ્હેલા પીલ્યો રાજ.

અભિરામ— (૩૭)

હરિ તુજ વાંક અટકે એક ઉપાયો પછી ન નડશે
નિરખો તુજ નિતિ પ્રિતિ રિતિ---હરિ૦
પાંચાળી ચાર પૂરીયાં ભરી સભા મોઝાર
રૂપ ધર્યું નરસિંહનું હર્યો ભૂમીનો ભાર
શરણું શરણું પ્રભુ તારણ તરણું એ, જરૂર સંકટ તુજ હરશે હરણું એ
માટે તું. ધીરીયા, ગુણીયા, પ્રભુ કેરા, એડા વ્હાલી —હરિ૦

તિલોત્તમા— (૩૮)

બાબુ વારે ચડોને મારી રે દીન દાસી કહે છે પૂકારી
કંટોને કાપો, સ્વામી સુખ આપો
આશ પૂરો દયા દીલધારી—બાબુ૦

જોગીને માટે જોગી વેશ ધારી મગ્ન મોહન મમ સુખકારી
સહાય તારી હે મોરારી, યાચે બાળા આચારી---જોગ૰

**અમીના** (૩૯)

તન તંબુર નવજ તાર યાર મંય્યં બનાહરે
યે તંબુરમેં નામે ખુદા જાની ધુન સમાહરે,
હાથમેં માલા ગલેમેં સેલી કફનીજો રંગાહરે
જેવર બદલ ખાક તનપર મય્યેને અબ લગાંહરે,
અમ્મા રહો તુમ શાદો ખુર્રમ યે મેરી દુઆહરે
મસ્તિ બદલ અબતો જમા વીરાના મુજકો ભાહરે,

**રંગીલી**--- (૪૦)

જાઓજી જાઓજી કામણગારા
સતાવો શું આજે દિનહારા
વેલા કરી શીદ હાલી રીઝાવો શાંતી આપો મુજ પ્રાણ પ્યારા

**રંગીલ**---ફરી ચાલ ચાલી આવો રસિલા

**રંગીલી**---રંગમાં રમાડું વાહ ઠગારા,
પ્રાતેથી અધર પાન કરીને
રસમાં ઝુલો રંગીલા મારા.

**રંગીલ**---રંગીલી નાર તું રંગીલ ભરથાર હું
વહાલી શીદ કાલી તું થાય છબિલી.

**રંગીલી**---વેલી વીંટાઈ રીઝે રંગ માણી

**રંગીલ**---વાહ વાહ કોમળ રસિક રસિલી.

**જગતસિંહ**--- (૪૧)

ભૂલો પડ્યો ભર વનમાં હઠીલો હંસ નીરજનમાં
કનકપાત્ર મેં કાંઈ ન પિછાણ્યું, માટી પ્રમાણી મેં મનમાં.

કાજળ કેરી કોટડીમાંથી મેલા મેળાવી મહનમાં
કે પ્રભુ આવી શુદ્ધ આતીને, સુખ લઉં હું બન વનમાં,

તિલોત્તમા— ( ૪૨ )

આવો આવો પિયુજી પ્રિયા પાણીડાં પાવ
જગત૦—અરે વાહવાહ મારી શાણી તિલોત્તમાય
મારૂં હૈયું હરખાય પ્રિયા પ્રિતી જગ પાય
તિલોત્ત૦—આપું પ્રાણદાન પીરસું પકવાન—
જગત૦—ભાણું છું, માનું છું, વ્હાલી પિછાણું છું
તિલો-ત૦—દાસી તમારી છું.
જગત૦—જીવન સુખકારી તું.
તિલો-ત૦—પ્રિતથી હારી છું,
જગત૦—જાણું તુજ ન્યારી હું,
તિલોત્ત૦—વાહવાહ આવો પ્રાણ રંગે રમાડું,
જગત૦—વાહ વાહ વાહ મારી શાણી તિલોત્તમાય
મારૂં હૈયું હરખાય પ્રિયા પ્રિત જગ પાય—

આસમાની— ૪૩

વિચારી જુઓ રે પ્રેમની ગતિ પતિ-
મણીધર મૃગ બેસુર પર ડોલે
મરે પણ તજે ન રતિ,
ભ્રમર કમળથી પતંગ દીપકથી—

દરબારીઓ— ( ૪૪ )

સારંગ ગાઓ ખારી પાંચ સુરને મિલાવો
રેમમ મપપ નીનીની સાસા સાનીપમરે
મમ પપ—સારંગ૦

ધૈવત ગંધાર બાદ ખરજ રીખભ મધ્ય શોભાવો—
ન્યારા છે પંચમ નીસાદ તિવર કોમળને બજાવો—સાર ગ૦

સર્વપાત્રો— (૪૫)

જય જય સુરેશ સુખકર મહેશ,
જય વિજય વિજય દે કાપી ક્લેશ—જય જય
ભક્તજન પ્રતિપાળ, ગંગધારી દીનદયાળ
યાચીયે મળી સૌભાગ્ય આર્યનો ઉદય હમેશ—જય જય.
છંદ તનન, તનન તાના દેરેના
દીધનરે તનન તોમ તનન તોમ,
સાની ધ પ ગ મ ની ધ પ મગરેસા જય જય.

સમાસ.

# ૭૦ં સીં દસ્તુર.

## ચાર્મીંગપીલ્સ(ધાતુપૌષ્ટીકગોળીઓ.)

આ ગોળી લાંબા વખતના અનુભવ બાદ એના ગુણ વીષેની પકકી ખાત્રી થયેથી બહાર પાડવામાં આવી છે પાંડુરોગ, નબળો, માથાનો દુખાવો, હાથ પગની કળતર, મગજનું ખાલી પડવું, જઠરાગ્નિનું મંદ પડવું, સ્વપનાવસ્થા વીર્યપાત કુછંદ તથા કુદરતથી પ્રાપ્ત થયેલી નબળાઇ તથા નપુંશકપણું તેમજ થતો ક્ષય એ દરદોપર આ ગોળીઓ ખાસ ચમત્કારી રીતે અસર કરે છે એથી મંદ પડેલી જઠરાગ્નની સતેજ થાય છે ખોરાક હજમ થાય છે શરીરમાં દીનપર દીન લોહીનો વધારો થતો જાય છે નબળી પડેલી નસોને તાકાત મળે છે અને મગજ સ્થીર થાય છે એ ગોળીના બનાવટમાં ફોસફરસ દરમાયાન ફેરો (લેકટેટ) આર પેપસન (પેપ્ટોનાઇઝડ પેપસન) તેમજ બીજી પાર્થીવ દવાઓ વાપરવામાં આવી છે ૪૨ ગોળીના શીસીની કી. રૂ૦ ૧

## સ્પેશીફીક ફીવર મીક્ષચર.

ચોથીઆ, રોજીઆ, એકાંતરીઆ, ટાઢીઆ, પીત જ્વર, જીર્ણ જ્વર તેમજ લાક્ષણીક તાવ (બીજા દરદનાં લક્ષણ તરીકે આવતો તાવ) જંગલી ફીવર વીગેરે તમામ જાતના જ્વર (તાવ) માટે આ હમારૂ મીક્ષચર એક રામબાણ ઉપાય છે એ મીક્ષચર (તાવ) હોય યા ન હોય તો પણ લીધામાં આવે છે. કી. રૂ૦ ૦ાા

## સ્પેશીફીક ફીવર પાઉડર.

આ પાઉડર રોજીઆ, એકાંતરીઆ, ટાઢીઆ, પીત જ્વર, જીર્ણ જ્વર તેમજ લાક્ષણીક તાવ (બીજા દરદના લક્ષણ તરીકે આવતો તાવ) જંગલી ફીવર વીગેરે તમામ જાતના જ્વર (તાવ) માટે આ હમારો પાઉડર એક વીજળી મીસાલે કામ કરે છે એ પાઉડર માટે હમો હમારે મોઢે કહેવાં કરતાં સુરત જીલ્લામાંના કોઇ પણ માણસને પુછવાથી ખાતરી થશે ગરીબ લોકોના ફાયદાને માટે આ હમોએ ખાસ પાઉડર કાઢયો છે એ પાઉડર (તાવ હોય યા ન હોય તો પણ લેવામાં આવે છે).

**વેચનાર ઠાકોર બ્રધર્સની કું. કેમીસ્ટ કણપીઠ સુરત.**

# શક્તિની

## આતંક નિગ્રહ ગોળીઓ

### નદન વનસ્પતીની

આ ગોળીઓ સ્ત્રી પુરૂષો એ બંનેને એક સરખી ઉપયોગી, અતી પૌષ્ટિક, પુરૂષત્વ આપનાર, લોહીની શુધ્ધિ કરનાર, ધાતુ દોષોને મટાડનાર અને નિર્બળ માણસને બળવાન કરનાર ઘણીજ ઉત્તમ દવા. કિંમત ગોળી ૩૨ બત્રીસની ડબી ૧ ના રૂપિયો એક.

## વૈદ્ય શાસ્ત્રી મણીશંકર ગોવિંદજી.

આતંક નિગ્રહ ઔષધાલય.

હેડ ઓફીસ.........જામનગર.........કાઠીયાવાડ

બ્રાંચ નંબર ૧.........મુંબઈ.. ......કાલબાદેવી રોડ

બ્રાંચ નંબર ૨.........કલકત્તા......હેરિસન રોડ

બ્રાંચ નંબર ૩...... ......પુના...... બુધવાર પેઠ

# જાહેર ખબર.

નિચે મુજબ કિમ્મતથી નાટકના ઓપેરાના ચોપડીઓ જે સાહેબોને જોઈતી હશે તેને રોકડે પૈસે વાંકાનેર આર્ય હિત વર્ધક નાટક કમ્પની પાસેથી મળશેઃ—

શેક્ષ્પાગા નાટકના ઓપેરા ...... ૦-૨-૦
ચંદ્રકાન્તા નાટકના ઓપેરા ... ૦-૨-૦
નર્મદા ...... નાટકના ઓપેરા ... ૦-૨-૦
શુરવીર શ્રાવણ નાટકના ઓપેરા ... ૦-૨-૦
પ્રેમચંદ્રિકા નાટકના ઓપેરા ... ૦-૨-૦
સીતા સ્વયંવર નાટકના ઓપેરા ... ૦-૨-૦
સત્યવાદી હરિશ્ચંદ્રના ઓપેરા ... ૦-૨-૦
કુમુદ કિશોરી નાટકના ઓપેરા ... ૦-૨-૦
મહારાણા પ્રતાપના ઓપેરા ... ૦-૨-૦
ગોપીચંદ નાટકના ઓપેરા ... ૦-૨-૦
રાણી સુંદરબાના ઓપેરા ... ૦-૨-૦
ઇન્દુમતી નાટકના ... ઓપેરા ... ૦-૨-૦
રમણ સુંદરી નાટકના ઓપેરા ... ૦-૨-૦
સંસારી સાવિત્રી નાટકના ઓપેરા ... ૦-૨-૦
નરસિંહ મેહેતા નાટકના ઓપેરા ... ૦-૨-૦
મીરાંબાઇના નાટકના ઓપેરા ... ૦-૨-૦

ઉપરનાં પુસ્તકો કંપનીના મુકામેથી મળશે તેમજ ગુજરાતના તમામ નામીઆ શેહેરોમાં અમારી કંપનીના દરેક એજંટો પાસેથી મળશે—**વિનંતી.**

**ગ્રંથ કર્તા.**